અબ્દુલ કલામ રાષ્ટ્રપતિપદ માટેના પ્રબળ દાવેદાર

મુંબઈ,તા. ૨૩

પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ દેશના આગામી રાષ્ટ્રપતિ માટે પ્રબળ દાવેદાર તરીકે ઉભરી રહ્યા છે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે સરકારની પાસે સંખ્યાબળની અછત દેખાઈ આવ્યા બાદ નવા સમીકરણો ઉભરી રહ્યા છે. નવા સમીકરણોથી લાગી રહ્યો છે કે આ વખતે પણ કોઈ રાજકારણથી બહારના ઉમેદવારને જ દેશના રાષ્ટ્રપતિ બનાવવામાં આવશે. આવી સ્થિતિમાં કલામનુ નામ સૌથી આગળ દેખાઈ રહ્યું છે કેન્દ્રીય કૃષિ પ્રધાન સરહદ પવારે સાફ શબ્દોમાં કહ્યું છે કે દેશના આગામી રાષ્ટ્રપતિ કોઈ બિન રાજકીય વ્યક્તિ હોય તે જ યોગ્ય છે. પવારે કહ્યું હતું કે યુપીએ અને એનબીએ બંનેની પાસે પસંદગીના ઉમેદવારને આગામી રાષ્ટ્રપતિની ચુંટણી જીતાડવા માટે પૂરતી સંખ્યા નથી. આવી સ્થિતિમાં કોઈ રાજકીય બેકગ્રાઉન્ડ નહી ધરાવતા ઉમેદવારને પસંદગી આપવામાં આવશે. તમામ રાજકીય પક્ષો યોગ્ય ઉમેદવારો ઉપર સર્વસંમતિ સાધવાના પ્રયાસ કરવા જોઈએ પવારે કહ્યું છે કે તેમની પાર્ટી એનસીપીએ પીએ સાંગમાને સંભવિત ઉમેદવાર તરીકે રજુ કર્યા હતા. અમારી પાસે ૧૬ સાંસદ છે. અમે અમારી મર્યાદા જાણિએ છીએ અત્રે ઉલ્લેખનીય છે કે વર્તમાન રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલની અવધિ ૨૫મી જુલાઈ ૨૦૧૨ના દિવસે પુરી થઈ રહી છે. પાટિલ દેશના ૧૨માં અને પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ છે. પવારનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે કોંગ્રેસે કહ્યું છે કે તેમના સભ્યોએ આ અંગે વાતચીત શરૂ કરી નથી. સર્વસંમતિ સાધવાના પ્રયાસ કરી રહ્યા છે. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રીએ પણ કહ્યું છે કે કલામ સૌથી પ્રબળ દાવેદાર છે. મુલાયમસિંહ યાદવની સમાજવાદી પાર્ટી અને અણ્ણા દ્રમુક અને મમતા બેનરજીની પાર્ટી પણ કલામના નામ ઉપર સહમત છે. બંધારણમાં પણ આવી જોગવાઈ રહેલી છે. ન્યુક્લિયર સાયન્સમાં તેમના યોગદાનમાં જોતા લાગે છે કે તમામ પક્ષો સહમત નહી હશે. ઉપ રાષ્ટ્રપતિ હમિદ અંસારી અને નાણામંત્રી પ્રણવ મુખર્જીનું નામ પણ ચર્ચામાં છે. પાટિલની અવધિ પુરી થયા બાદ ૨૪ જુલાઈના દિવસે હોદ્દો ખાલી થશે. કુલ મત પૈકી કોંગ્રેસ પાસે ૩૧ ટકા જ્યારે ભાજપની પાસે ૨૪ ટકા મત છે. જેથી ચૂંટણીમાં તુળમુળ, સમાજવાદી પાર્ટી, બીજેડી, બહુજન સમાજપાર્ટીની ભુમિકા મહત્વની હોઈ શકે છે. પવારે છેલ્લી ઘડીએ અગાઉનું તેમનું નિવેદન બદલી કાઢ્યું છે પરંતુ અગાઉના તેમના નિવેદનમાં ઘણી વાસ્તવિકતા છે.

કલામ હોટફેવરીટ.....

- પાટિલની અવધિ ૨૫મી જુલાઈ ૨૦૧૨ના દિવસે પૂર્ણ
- યુપીએ અને એનડીએ પાસે પુરતી સંખ્યામાં સંખ્યાબળ નથી જેથી તેમના પસંદગીના ઉમેદવારને જીતાડી શકવાની સ્થિતીમાં નથી
- કોઈ રાજકીય બેકગ્રાઉન્ડ નહી ધરાવતા ઉમેદવાર પર પસંદગી ઉતારાય તેવી વકી
- મોટા ભાગના રાજકીય પક્ષો પૂર્વ રાષ્ટ્રપતિ કલામને ટેકો આપી શકે છે
- સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને તૃણમૂળને પણ કલામની સામે કોઈ વાંધો નથી
- ઉપરાષ્ટ્રપતિ હમીદ અંસારી અને નાણાં પ્રધાન પ્રણવ મુખરજીના નામ પર ચર્ચામાં છે
- ૨૪મી જુલાઈના દિવસે રાષ્ટ્રપતિનો હોદ્દો ખાલી થઈ જશે
- કોંગ્રેસ પાસે ૩૧ ટકા અને ભાજપ પાસે ૨૪ ટકા મત છે

સંસદના બજેટ સત્રના બીજા તબક્કાની આજથી શરૂઆત

નવી દિલ્હી,૨૩

રાજકીય વર્તુળોમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે સંસદના બજેટ સત્રના બીજા તબક્કાની આવતીકાલથી શરૂઆત થઈ રહી છે. બીજા તબક્કાને લઈને સરકાર અને વિરોધ પક્ષો પોતપોતાની વ્યુહ રચના તૈયાર કરી ચુક્યા છે. બજેટ સત્રમાં એવા અનેક મુદ્દા છે જે ભારે હોબાળો મચાવે તેવી શક્યતા છે. જે મુદ્દે બજેટ સત્રમાં બીજા તબક્કામાં હોબાળો થનાર છે તેમાં ફુગાવો, જીવન જરૂરી ચીજવસ્તુઓના વધતા ભાવ અને ભ્રષ્ટાચારનો સમાવેશ થાય છે. આ તમામ પ્રશ્ને સરકારને ભીસમાં લેવા વિરોધ પક્ષો તૈયારી કરી ચુક્યા છે. આ ઉપરાંત આતંકવાદ વિરોધી ઈન્ટેલિજન્સ હબની રચના મામલે પણ સરકાર અને વિરોધ પક્ષો આમને સામને આવે તેવી શક્યતા છે. સરકાર સામે ઘણી પ્રાથમિકતા છે. જે પૈકી પ્રથમ પ્રાથમિકતા બજેટને સંસદ દ્વારા પ્રસાર કરી

લેવાની છે. પેન્ડિંગ બીલોને પણ પ્રસાર કરવાની પણ ગણતરી કરી લેવામાં આવી છે. લોકપાલ બીલના મામલે પણ હોબાળો થવાની સંભાવના છે.

એક મહિના સુધી ચાલનાર સત્ર દરમિયાન લાંબા સમયથી પેન્ડિંગ લોકપાલ બિલના મામલે રાજકીય ગરમી જામી શકે છે. સરકાર અને વિરોધ પક્ષો રાજકીય પાસાઓને ધ્યાનમાં લઈને આ મામલે રાજનિતી રમવા માટે તૈયાર છે.

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારે ફરીએકવાર આંદોલન કરવાના મુડમાં દેખાઈ રહ્યા છે. ફુગાવાનો મામલો પણ ચર્ચા જગાવશે. ડાબોરીઓ અને જમણેરી બન્ને આ મામલે સરકાર પર પ્રહાર કરવા તૈયાર છે. સીપીઆઈ-એમના નેતા બાસુદેવ આચાર્યે કહ્યું છે કે ભાવ વધારો ચોક્કસપણે પ્રશ્ન છે. તેમણે કહ્યું હતું કે દરેક મામલે ચર્ચા કરવામાં આવી રહી છે. પરંતુ બજેટ સત્રના બાકીના તબક્કા માટે નવી નિતી તૈયાર કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે સુચિત નેશનલ કાઉન્ટર ટેરેરીઝમ સેન્ટર જોરદાર ગરમી જગાવળશે. ભાવ વધારા અને લોકપાલને લઈને પક્ષ ખુબ લડાયક છે. સરકાર બજેટ સત્રમાં લોકપાલને પસાર કરવા માટે ઈચ્છુક છે. સરકારે ૨૫મી માર્ચના દિવસે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. પરંતુ લોકપાલ બિલ મામલે મડાંગાઠનો અંત આવી શક્યો ન હતો.

સંસદમાં પેન્ડિંગ રહેલા બિલમાં હાયર એજ્યુકેસન એન્ડ રીસર્ચ બિલનો સમાવેશ થાય છે. બજેટ સત્રમાં અન્ય અનેક મુદ્દા પણ છવાઈ જવાની સંભાવના છે. જેમાં અગ્નિ મિસાઈલના પરિક્ષણ, દેશમાં પ્રવર્તિ સ્થિતિ, આર્થિક પાસાઓ, સરદહ પર રહેલી સ્થિતિનો પણ સમાવેશ થાય છે. સિયાચીનનો મામલો પણ રાજકીય ગરમી જગાવી શકે છે. આર્થિક સુધારાઓને લઈને પણ જોરદાર ચર્ચા થાય તેવી શક્યતા છે. આર્થિક બાબતોના નિષ્ણાંત કૌશિક બસુ કહી ચુક્યાં છે કે આગામી છ મહિનામાં ચાવીરૂપ સુધારાઓ હાથ ધરવામાં આવશે.

એમ્સમાં છેલ્લા ૩ વર્ષમાં ૧૧૫૦૦ દર્દીઓનાં મોત

નવી દિલ્હી,તા. ૨૩

છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ(એમ્સ)માં સારવાર દરમિયાન ૧૧૫૦૦ દર્દીઓના મોત થયા છે. આરટીઆઈ અરજીના જવાબમાં આ મુજબની માહિતી સપાટી ઉપર આવી છે. એમ્સમાં હોસ્પિટલ વહિવટી તંત્ર વિભાગ સાથે સંકળાયેલા ડૉક્ટર એસ.સથપથીએ કહ્યું છે કે મુખ્ય હોસ્પિટલ, કાર્ડિઓ થોરાસિક અને ન્યુરો સાયન્સ સેન્ટ્રમાં સારવાર દરમિયાન ૧૧૫૬૬ દર્દીઓના મોત થયા છે. મુંબઈના નિવાસી અજય મરાઠે દ્વારા દાખલ કરવામાં આવેલી આરટીઆઈ અરજીના જવાબમા આ મુજબની માહિતી સપાટી ઉપર આવી છે. છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં હોસ્પિટલમાં કેટલાક લોકોના મોત થયા છે તે સંબંધમાં માહિતી મેળવવાની માંગ કરીને અરજી દાખલ કરવામાં આવી હતી. મરાઠેએ કહ્યું છે કે ઘણા મોત થયા છે છતાં શરીરના જુદા જુદા અંગ દાન કરવાની પ્રક્રિયા હોસ્પિટલમાં હાથ ધરાઈ નથી. આશરે ૮ અંગોને શરીરમાંથી બહાર કાઢી શકાય છે. આ કમનસીબ બાબત છે કે લોકો હજુ દાન કરવાની દિશામાં આગળ આવી રહ્યા નથી. જવાબમાં જણાવાયું છે કે વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૪૧૦૦ લોકોના મોત થયા હતા. જે પૈકી ૭૯૭ના મોત કોઝ્યુલિટીમાં થયા હતા. ૨૩૮૦ના મોત મુખ્ય હોસ્પિટલમાં થયા હતા. જ્યારે સીએન સેન્ટરમાં ૯૨૩ના મોત થયા હતા. આવી જ રીતે આગલા વર્ષે ૪૧૫૯ના મોત થયા હતા. જે પૈકી ૪૨૧ના મોત કોઝ્યુલિટીમાં થયા હતા. ૨૭૦૦ના મોત મુખ્ય હોસ્પિટલમાં થયા હતા. સીએન સેન્ટરમાં ૯૭૮ના મોત થયા હતા. વર્ષ ૨૦૧૦-૧૧માં ૭૩૮ના મોત કોઝ્યુલિટીમાં થયા હતા. મુખ્ય હોસ્પિટલમાં ૨૫૮૬ના મોત થયા હતા.

કલેક્ટરના બદલે ૮ સાથીને છોડવા બંડખોરોની માગણી

નવી દિલ્હી, ૨૩

છતીસગઢમાં માઓવાદીઓએ અપહરણ કરવામાં આવેલા કલેક્ટરને છોડી મૂકવા માટે નવી શરતો મૂકી દીધી છે. માઓવાદીઓની શરતોને ધ્યાનમાં લઈને છત્તીસગઢમાં તેમની સામે ઓપરેશન બંધ કરવાનો નિર્ણય કરાયો છે. માઓવાદીઓ કલેક્ટરને છોડવાના બદલે આઠ સાથીઓને છોડાવવા માગે છે. આ ઉપરાંત ઓપરેશન ગ્રીન હંટને બંધ કરવાની પણ માંગ કરી રહ્યા છે. માઓવાદીઓએ આ તમામ માંગ સ્વીકારી લેવા માટે સરકારને ૨૫મી એપ્રીલ સુધીની મહેતલ આપી છે. માઓવાદીઓએ એક ટીવી ચેનલને મોકલેલા નોંધવામાં આવેલા નિવેદનમાં આ મુજબની શરતો મૂકી છે.

માઓવાદીઓએ દાવો કર્યો છે કે કલેક્ટરની ધરપકડ તેના લોકો દ્વારા જ કરવામાં આવી છે. ઓપરેશન ગ્રીન હંટ બંધ કરવાની રજૂઆત કરવામાં આવી છે. દાંતીવાડા, રાયપુર જેલમાં બનાવટી મામલાઓમાં જેલમાં બંધ કરવામાં આવેલા લોકોને છોડી મૂકવાની રજૂઆત કરવામાં આવી છે. સુરક્ષા કર્મીઓને પરત બેરેકમાં મોકલી દેવાની રજૂઆત પણ કરાઈ છે. કોન્ટા બ્લોકમાં કોંગ્રેસી નેતા પર હુમલો કરવામાં આવ્યા બાદ જે લોકો સામે કેસ દાખલ કરવામાં આવ્યા છે તે લોકો સામે કેસ દૂર કરવાની પણ માંગણી કરી છે. બીજી બાજુ સ્વામી અગ્નિવેશ સમગ્ર મામલામાં મધ્યસ્થી કરવા માટે તૈયાર થયા છે. સામાજિક કાર્યકર અગ્નિવેશે કહ્યું છે કે તેઓ સુકમાના કલેક્ટર એલેક્શ પોલ મેનનને છોડી લેવાના મામલામાં મધ્યસ્થી કરવામાં તૈયાર છે. અગ્નિવેશે કહ્યું છે કે તેઓ પોતાની સેવા આપવા માટે તૈયાર છે. જો કે હજુ સુધી નક્સલવાદીઓએ તેમનો સંપર્ક કર્યો નથી અથવા તો સરકારે પણ તેમનો સંપર્ક કર્યો નથી. દરમિયાન માઓવાદીઓ દ્વારા અપહરણ કરવામાં આવેલા સુકમા જિલ્લાના કલેક્ટરને છોડાવી લેવા માટે આજે સર્વપક્ષીય મિટીંગ છતીસગઢમાં યોજાઈ હતી.

બાબા રામદેવના મામલે કોઇ જ તિરાડ નથી : અણ્ણા હઝારે

નવી દિલ્હી,તા. ૨૩

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હઝારેએ આજે કહ્યું હતું કે યોગ ગુરૂ બાબા રામદેવને લઈને ટીમ અણ્ણામાં કોઈ તિરાડ નથી. આ અંગે મિડિયામાં પ્રકાશિત થયેલા અહેવાલ પાયાવગરના છે. તેમણે એમ પણ કહ્યું હતું કે મુસ્લિમ નેતાની હકાલપટ્ટી કરવામાં આવ્યા બાદ ટીમને કોઈ નુકસાન થયુ નથી. મુસ્લિમ નેતા મુફ્તિ શમીમ કાઝમીની હકાલપટ્ટી કરવામાં આવ્યા બાદ પોતાની પ્રથમ પ્રતિક્રિયા આપતા તેમણે કહ્યું હતું કે આ મામલાને વધારે મહત્વ આપવાની કોઈ જરૂર નથી. કાઝમી ઉત્તરપ્રદેશના નોયડામાં કોર કમિટીની બેઠકમાં વાતચીત રેકોર્ડ કરતા ઝડપાઈ ગયા હતા. ત્યારબાદ તેમની હકાલપટ્ટી કરી દેવામાં આવી હતી. કાઝમીએ દાવો કર્યો હતો કે કોર કમિટી મુસ્લિમ વિરોધી હોવાના કારણે તેઓ આમાંથી બહાર નિકળી ગયા છે. હઝારેએ કહ્યું હતું કે ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનમાં

રામદેવની ભાગીદારીને લઈને ટીમમાં કોઈ પણ મતભેદ અને તિરાડ નથી. તેમણે કહ્યું હતું કે હાલમાં એક મહિનાથી વધારે સમય સુદી તેઓ મહારાષ્ટ્રની યાત્રા કરશે. અણ્ણાએ કહ્યું હતું કે કાળા નાણાના મામલે આંદોલન કરી રહેલા રામદેવને અમારો ટેકો છે. જ્યારે જન લોકપાલ મામલે રામદેવ અમને ટેકો આપી રહ્યા છે. અમે તમામ ભ્રષ્ટાચારની સામે લડી રહ્યા છીએ. અણ્ણાએ માહિતી આપતા કહ્યું હતું કે સમગ્ર દેશની યાત્રા દરમિયાન જ્યાં રામદેવ મળશે ત્યાં તેઓ સંયુક્ત મંચ પર હાજર રહેશે. જો કે અણ્ણાએ સંયુક્ત પ્રવાસ કરવાનો સાફ ઈન્કાર કર્યો હતો. રામદેવ પોતાને પ્રોજેક્ટ કરીને લોકપ્રિયતા મેળવી લેવાના પ્રયાસો કરી રહ્યા છે તેવી ટીમ અણ્ણાના સભ્યોની પ્રતિક્રિયા વચ્ચે આ નિવેદન આવ્યું છે. બાબા રામદેવને સાથે લઈને ચાલવાના પ્રશ્ને ટીમમાં હમેંશા ચર્ચા રહી છે. ટીમ અણ્ણાના મોટા ભાગના સભ્યો માને છે કે રામદેવની સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો મુકવામાં આવી ચુકયા છે. જેથી રામદેવને સાથે લઈને ચાલવાથી મોટી સમસ્યા ઉભી થઈ શકે છે. ગઈકાલે યોજાયેલી બેઠકમાં જ એવો નિર્ણય કરવામાં આવ્યો હતો કે રામદેવની સાથે સંયુક્ત અભિયાન હાથ ધરવામાં આવસે નહી. જો કે બન્ને પક્ષો એકબીજાના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનને સમર્થન આપશે.

ભારતીય મૂળના બે વૈજ્ઞાનિકને રોયલ સન્માન આપવા તૈયારી

નવી દિલ્હી, ૨૩

બેંગલોરના લોકપ્રિય જીવ વૈજ્ઞાનિક કૃષ્ણા સ્વામી વિજય રાંઘવન અને લંડનની ઈમ્પીરિયલ કોલેજના પ્રોફેસર તેજિન્દરસિંહ વિરદીને સન્માનિત કરવામાં આવ્યા છે. તેમની બ્રિટનના પ્રતિષ્ઠિત રોયલ સોસાયટીના સન્માન માટે પસંદગી કરવામાં આવી છે. રોયલ સોસાયટીની ફેલોશીપ માટે છ વૈજ્ઞાનિકોની પસંદગી કરવામાં આવી છે જેમાં ભારતીય વૈજ્ઞાનિકો પણ સામેલ છે. આની સાથે જ કૃષ્ણા સ્વામી વિજય રાઘવન અને પ્રોફેસર તેજિન્દરસિંહ આઈન્સટાઈન, ન્યૂટન અને સ્ટીફન હોંકીગ જેવા વૈજ્ઞાનિકોની યાદીમાં સામેલ થઈ ગયા છે. રોયલ સોસાયટીના અધ્યક્ષ સર પોલ નર્સે કહ્યું છે કે રોયલ સોસાયટીના ફેલોશીપ માટે પસંદગી કરવામાં આવેલા વૈજ્ઞાનિક દુનિયાના શ્રેષ્ઠ વૈજ્ઞાનિકો પૈકીના છે. તેઓ ન્યૂટન, ડાર્વિન અને આઈન્સટાઈન જેવા ટોચના વૈજ્ઞાનિકોની દિશામાં આગળ વધી રહ્યા છે. તેમણે કહ્યું છે કે તેઓ વૈજ્ઞાનિકોને સ્વાગત કરે છે. વિજ્ઞાનમાં શ્રેષ્ઠતા માટે પસંદગી કરવામાં આવેલા ફેલોમાં ૮૦ નોબેલ વિજેતા વૈજ્ઞાનિકો સામેલ છે. બેંગલોર સ્થિત નેશનલ સેન્ટ્રલ ફોર બાયોલોજિકલ સાયન્સના નિર્દેશક પ્રોફેસર વિજય રાઘવનની પસંદગી ભારતીય જીવ વિજ્ઞાનના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી માટે કરવામાંઆવી છે. બીજી બાજુ પ્રોફેસર વિરદીની પસંદગી વિશાળ હેડ્રોન કોલાઈડરમાં વિસ્તૃત સીએમએસ પ્રયોગની ડિઝાઈન તૈયાર કરવામાં શ્રેષ્ઠ કામગીરી માટે પસંદગી કરાઈ છે. આમા ૩૮ દેશોના ૩૦૦૦થી વધુ વૈજ્ઞાનિકો હતા. ભારતીય મૂળના અન્ય વૈજ્ઞાનિકોમાં બ્રિસ્ટર યુનિવર્સિટીના વરિન્દરસિંહ અગ્રવાલ, કેમ્બ્રીઝ યુનિવર્સિટીના શંકર બાલા સુબ્રમણ્યમ, કેલિફોર્નિયા યુનિવર્સિટીના ચંદ્રશેખર ભાલચંદ્ર અને ટેક્સાસ યુનિવર્સિટીના મુથુ કુમાલીનો સમાવેશ થાય છે.

પીઈ રોકાણ ઉપર કેપિટલ ગેઈન ટેક્સમાં કાપ મુકાશે

નવી દિલ્હી,તા. ૨૩

વિદેશી રોકાણને આકર્ષિત કરવાના હેતુસર નાણાં મંત્રાલય યુટિલાઈઝ્ડ કંપનીઓના શેરમાં ખાનગી ઈક્વિટી ફંડ દ્વારા કરવામાં આવતા મુડીરોકાણ પર લાંબા ગાળાના કેપિટલ ગેઈન ટેક્સને ૨૦ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરે તેવી શક્યતા છે. હાલના દિવસોમાં કેટલાક પીઈ રોકાણકારો દ્વારા જ્યાં સુધી ટેક્સ સુવિધાની વાત છે ત્યાં સુધી વિદેશી સંસ્થાકીય રોકાણકારોની જેમ આ ટેક્સ કરવાની સરકારને માંગણી કરવામાં આવી છે. તેમની માંગણીને ધ્યાનમાં લઈને સરકાર પીઈ રોકાણ પર કેપિટલ ગેઈન ટેક્સમાં કાપ મુકે તેવી શક્યતા છે. નાણાં સચિવ આરએસ ગુજરાલે કહ્યું છે કે યુટિલાઈઝ્ડ સિક્યુરિટીમાં પીઈ રોકાણકારો માટે હાલમાં તેમને એફઆઈઆઈ કરતા વધારે ઉંચા રેટથી ચાર્જ આપવો પડે છે. ખાનગી ઈક્વિટી રોકાણકારોને ૨૦ટકા ટેક્સ છે. લિસ્ટેટ સિક્યુરિટીઝ માટે લાંબા ગાળાના કેપિટલ ગેઈન પર કોઈ ટેક્સ નથી. નિષ્ણાંતોએ કહ્યું છે કે જો પીઈના ટેક્સ માળખામાં ફેરફાર કરીને તેને હળવુ કરવામાં આવશે તો ભારતમાં તેમના રોકાણમાં નિયમો બદલાશે.

માળખુ હળવુ કરવામાં આવ્યા બાદ તેઓ ટેક્સની ચુકવણી કર્યા વગર ભારતમાં તેમના રોકાણમાંથી બહાર નિકળી શકશે. સરકાર હાલમાં વિદેશી મુડીને આકર્ષિત કરવા તમામ પગલા લઈ રહી છે.

સંપત્તિ કેસ : જગનના ઓડિટર આખરે શરણે

હૈદરાબાદ,તા. ૨૩

ગેરકાયદે સંપત્તિ કેસના સંબંધમાં જામીન રદ કરવામાં આવ્યાના બે દિવસ બાદ વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના વડા વાયએસ જગનમોહન રેડ્ડીના નજીકના સાથી અને ઓડિટર વિજય સાંય રેડ્ડીએ સીબીઆઈ કોર્ટ સમક્ષ શરણાગતિ સ્વીકારી લીધી હતી. આંધ્રપ્રદેશ હાઈકોર્ટે તેમના જામીન બે દિવસ પહેલા જ રદ કરી દીધા હતા. અહેવાલ મુજબ આજે સવારે હૈદરાબાદમાં ખાસ સીબીઆઈ કોર્ટ સમક્ષ તેઓએ શરણાગતિ સ્વીકારી લીધી હતી. કેન્દ્રિય તપાસ સંસ્થાએ જામીનની સામે વિરોધ કરીને અપીલ કર્યા બાદ ગયા સમાહમાં જસ્ટીસ કેસી ભાનુએ તેમની જામીન અરજીને રદ કરી લીધી હતી. સીબીઆઈએ રજૂઆત કરી હતી કે ખાસ સીબીઆઈ અદાલત દ્વારા તેમને મંજૂર કરવામાં આવેલા શરતી જામીનથી તપાસને ફટકો પડી શકે

છે. ચંચલગુડા સેન્ટ્રલ જેલમા ત્રણ મહિનાથી વદુ સમય સુધી રહ્યા બાદ વિજય સાંય રેડ્ડીને ૧ ઉમી એપ્રિલના દિવસે ખાસ સીબીઆઈ કોર્ટે શરતી જામીન આપી દીધા હતા. જેથી તેઓ મુક્ત થયા હતા. સીબીઆઈએ તેમની સામે અપીલ કરી હતી. આંધ્રપ્રદેશ હાઈકોર્ટે જામીન રદ કરી દીધા બાદ હવે રેડ્ડી પર ફરી એકવાર સંકજો મજબુત બની રહ્યો છે. વિજય સાંઈની બીજી જાન્યુઆરીના દિવસે સીબીઆઈ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી હતી. ગયા મહિનામાં તપાસ સંસ્થા દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં બે આરોપીના નામ હતા. જગનમોહન રેડ્ડીની માલિકીની જાગૃતિ પબ્લિકેશન પ્રાઈવેટ લિમીટેડના સાંઈ ઉપ પ્રમુખ છે. જગન તરીકે જાણીતા જગનમોહન રેડ્ડી સામે પણ સીબીઆઈ કેસ દાખલ કરી ચુકી છે. ઓગષ્ટમાં જગન, ૭૩ કંપનીઓ અને વ્યક્તિગતો સામે કેસ દાખલ કરવામાં આવ્યા હતા.

ફાઈઝર ન્યુટ્રીશન કારોબારને નેસ્લે ખરીદી લેવા માટે તૈયાર

ઝ્યુરિચ, ૨૩

વિશ્વની સૌથી મોટી પેકેજ્ડ ફૂડ બનાવતી કંપની નેસ્લેએ ફાઈઝરના ન્યુટ્રીશન કારોબારને ૧૧.૮૫ અબજ ડૉલરમાં ખરીદી લેવા માટે તૈયાર છે. આની સાથે જ સ્વીસ ફૂડ ગ્રૂપ કંપનીને ખૂબ જ લોકપ્રિય અને વિશાળ બજાર ધરાવતા બેબી ફૂડ માર્કેટમાં ફાયદો થશે. સ્વીસ ફૂડ ગ્રૂપ નેસ્લેએ ફ્રાંસની હરીફ કંપનીને પછડાટ આપી દીધી છે.

અમેરિકાની દવા બનાવતી મહાકાય કંપની ફાઈઝરના ન્યુટ્રીશન બિઝનેસને ખરીદવા માટે વાતચીત ચાલી રહી છે. નેસ્લે પહેલાંથી જ સૌથી પ્રબળ અને ફેવરીટ બિડર તરીકે છે. રોકડમાં નાણાં ચૂકવવા માટે પણ કંપની તૈયાર છે. વેવે સ્થિત કંપની માને છે કે આ સોદાબાજીથી આ વર્ષે ૨.૪ અબજ ડૉલરનું વેચાણ થશે અને માર્જીગને ફાયદો થશે. ઉભરતા માર્કેટમાં તેની હિસ્સેદારી સતત વધી રહી છે. જ્યાં વસ્તી વધેલી છે તેવા ઊભરતા માર્કેટમાં નેસ્લે પોતાના નેટવર્કને ફેલાવવા

તૈયાર છે. નેસ્લેએ બિઝનેસની સફળતા માટે જે કારણો જવાબદાર છે તેમાં મજબૂત બ્રાન્ડ, મજબૂત પ્રોડક્ટ પોર્ટફોલિયો અને કુશળ લોકોનો સમાવેશ થાય છે. ઊભરતા માર્કેટમાં વેચાણમાં તેની ટકાવારી ૮૫ ટકાની આસપાસ છે. નવજાત શિશુના પોષણકારોબારમાં નેસ્લેનું વર્ચસ્વ વધી રહ્યું છે. ફાઈઝરે પણં નવજાત શિશુ માટે પોષક તત્વો સાથે સંબંધિત પ્રોડક્ટ બજારમાં લોંચ કરી હતી. હવે ફાઈઝરે આ બિઝનેસમાંથી બહાર નિકળી જઈને તેના સૌથી મહત્વપૂર્ણ ફાર્માસ્યુટિકલ બિઝનેસ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવા તૈયારી કરી છે.

SANGHI CEMENT
KisaN
BENELAVE
H.FIXIT
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ